Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



ચારિત્ર્ય ઘડતરના

ત્રણ

આધાર સ્તંભ

| | | |
|---|---|---|
| અ | સં | ત |
| હિં | ય | પ |
| સા | મ | છે |

માનદ્ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા બી. એ. એમ.એડ્

પુસ્તક : ૮૫ આસો આત્મ સંવત ૯૪

ઓકટોબર વીર સંવત ૨૫૧૩

અંક : ૧૨ ૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મંગળ પ્રભાત | સૌભાગ્ય સોરભ | ૧૮૧ |
| ૨ | તપની આરાધના | આ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ.સા. સંપાદક : ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૮૨ |
| ૩ | શીલનો પ્રભાવ | મૂ પ્ર. આ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ.સા. ગુ. રૂ. ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૮૬ |
| ૪ | સંકલિત | સંકલન હીરાલાલ બી. શાહ | ૧૯૪ |
| ૫ | વા. અનુક્રમણિકા | — | ૧૯૬ |


## આ સભાના નવા આજીવન સભ્ય થયેલાના નામ

**૧. શ્રી કીરીટકુમાર અનંતરાય વોરા–સુરત**

**૨. શ્રી જ્યોતીન્દ્રકુમાર અનંતરાય વોરા–સુરત**

## લેખકોને નમ્ર વિનંતી

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની નવમી જન્મશતાબ્દી સં. ૨૦૪૫ની સાલમાં છે. તો તેઓશ્રીના જીવન અને કવન અંગેના લેખો તા. ૫–૧૧–૮૮ સુધીમાં મોકલી આપવા વિ. છે.

## અગત્યની સૂચના

શ્રી જૈન આત્માનંદ સભાનાં જુના તથા નવા પેટ્રન સભ્યશ્રી તથા આજીવન સભ્યશ્રીઓના નામ તથા પાકા સરનામાં ફરીથી તૈયાર કરી છપાવવાના છે. તેથી શ્રી જૈન આત્માનંદ સભા પર પત્રથી લખીને તુરતમાં મોકલી આપવા નમ્ર વિનંતી.

શ્રી જૈન આત્માનંદ સભા

શ્રી અરવીંદ પ્રભુદાસ શાહ–મનેજર

તા. ક. કેટલાક અંકો સાચા સરનામાં ન હોવાથી પાછા આવે છે તેથી સૌએ અચૂક પોતાનાં સરનામાં મોકલી આપવા.

## સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૫ કારતક સુદિ ૧ ને ગુરુવાર ૧૦–૧૧–૮૮ ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળ પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં (૯–૩૦ થી ૧૧–૦૦) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે તથા કાર્તિક સુદિ પાંચમને સોમવારે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી.

આ.શ્રી વિજયકમળસૂરિશ્વરજી મ. સા.ની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્ત નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઈ શાહની જન્મતિથિ હોવાથી તેમના પુત્ર ભાઇ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે જૈન આત્માનંદ સભાના લાયબ્રેરી હોલમાં સં. ૨૦૪૪નાં આસો સુદ ૧૦ ગુરુવારનાં રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામા આવશે અને પ્રભાવના કરવામાં આવશે. આપશ્રીને પધારવા આમંત્રણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા બી.એ.; એમ.એડ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ આસો-ઓક્ટોબર-૮૮ ● [અંક : ૧૨

## મંગળ પ્રભાત

[ રાગ- જેમ જેમ એ ગિરિ ભેટીએ રે, તેમ તેમ પાપ પલાય સલુણા ]

વીર જીનેશ્વર વંદના રે, નૂતન વર્ષ પ્રભાત સલુણાં;
આત્મ જ્યોતિ પ્રગટાવવા રે, ભાવ વંદન ભલી ભાત સલુણાં
એ ટેક-વીર-૧

દિપોત્સવીની રાત્રિએ રે. વીર પ્રભુ નિરવાણ સલુણાં;
સિદ્ધાલયમાં ચિદ્રુપે રે, અષ્ટ કરમ કરી હાણ સલુણાં. વીર-૨

અરિહંત પદ પ્રાપ્તિથી રે, કરી જ્ઞાનની લ્હાણ સલુણાં;
પ્રકાશ આપ્યો પ્રેમનો રે, તરવા ધરમનું વહાણ સલુણાં. વીર-૩

અહિંસા સંયમ તપથી રે, પામવા દરિશન જ્ઞાન સલુણાં;
ચારિત્રાદિ રત્નથી રે. સાધવા આતમ ધ્યાન સલુણાં. વીર-૪

આનંદ પ્રેમ ને શાંતિનો રે, માર્ગ બતાવ્યો શુદ્ધ સલુણાં;
નિર્વિકલ્પ સ્વરૂપ ને રે, પામે ભવિજન બુદ્ધ સલુણાં. વીર-૫

અમાવાસ્યા રાત્રિએ રે, વ્યાપ્યો હતો અંધકાર સલુણાં;
દીપમાળા દેવે રચી રે, દીપોત્સવી નીરધાર સલુણાં. વીર-૬

પૂર્ણ પ્રકાશીત એ પ્રભુ રે, પહોંચ્યા મુક્તિદ્વાર સલુણાં;
દીપક જ્યોતિ સૂચવે રે, ભરજો જ્ઞાન ભંડાર સલુણાં. વીર-૭

જ્ઞાન દરિશન પામીને રે, ચારિત્ર કરો સ્વીકાર સલુણાં;
આત્મ દીપક પ્રગટાવીને રે, 'અમર' શાંતિ અપાર સલુણાં. વીર-૮

સૌભાગ્ય સૌરભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપની આરાધના

**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા.**
**સંપાદક : ડૉ. કુમારપાળ દેસાઇ**

'तपसा घृणइ पुराणपावगं'

'તપથી પ્રાચીન એટલે કે પૂર્વકૃત પાપોને ક્ષીણ કરો.'

સિદ્ધચક્ર (નવપદ) જીની પૂજામાં તપપદની પૂજાના પાઠમાં એમ કહેવાયું છે—

**"जिनजी ने दीनी म्हांने एक जड़ो।**
**एक भुजंग पंच विष नागन सूंघत तुरत मरी॥**
**समता संबर परगुण छारी, समरस रंग भरी।**
**अचल समाधी तपपद रमतां ममतामूल जरी॥**

'વીતરાગ પ્રભુએ પોતાના અનુભવના આધાર પર (કર્મો અથવા વિકારોનો રોગ મટાડવા માટે) આપણને એક અદ્દભુત જડીબુટ્ટી આપી છે જેને સૂંઘતાં જ એક ભયંકર નાગ (મન) અને પાંચ નાગણીઓ (પાંચ ઇન્દ્રિયો) મૃત્યુ પામી. આ જડીબુટ્ટી છે તપ એના પ્રભાવથી આત્મા સમતા, સંવર અથવા પરગુણ ગ્રહણથી યુક્ત બનીને તેમ જ (કષ્ટ, આફતો આદિમાં) સમતારસથી રંગાઈને અચલ સમાધિમાં લીન થઈ જાય છે, અને જેનાથી શરીર આદિ પર રહેલું મમતાનું મૂળ જ ભસ્મ થઈ જાય છે.'

અહીં ઇન્દ્રિયો અને મન મરી જવાનો અર્થ અંકુશિત થવું કે વશ થવું તે છે અથવા તો એનું જોર ઓગળી જવું તે છે.

શરીર ઇન્દ્રિયો અને મનને તપ દ્વારા કઇ રીતે સાધી શકાય? આનું એક દષ્ટાંત જોઇએ.

એક ધનાઢ્ય શેઠની પત્ની મૃત્યુ પામી એમને એક જ પુત્ર હતો એ વિવાહ યોગ્ય થતાં કોઈ ખાનદાન કુટુંબની છોકરી સાથે શેઠે એના લગ્ન કર્યાં. પરંતુ કમનસીબે લગ્ન પછી એમનો પુત્ર મૃત્યુ પામ્યો. બિચારી છોકરીના ભાગ્યમાં પતિસુખ જોવાનું નહોતુ આ દુઃખી છોકરી પોતાનું મન હળવું કરવા માટે પોતાને પિયર ગઈ. પિયરમાં આખી જિંદગી પસાર કરી શકે તેમ નહોતી, કારણ કે એનું ખરું સ્થાન તો સાસરું જ હતું, આવો વિચાર કરી એ સાસરે આવી.

એના સસરા માત્ર ધનાઢ્ય જ નહિ બલ્કે વિવેકી અને ધર્મપરાયણ હતા. તેઓ વિધવા પુત્રવધૂની મનઃસ્થિતિને બરાબર સમજી શકતા હતા. એમણે વિચાર્યું. "આના પર ધાક જમાવીને કે એને કડવા વેણ કહીને દુઃખી કરીશ તો એના આત્માને ખુબ આઘાત લાગશે. કદાચ અસહ્ય પરિસ્થિતિ સહન નહિ કરી શકતાં એ આત્મહત્યા પણ કરી બેસે આથી એને એવી રીતે આ ઘરમાં રાખવી જોઇએ કે જેથી એનું મન આ ઘરમાં ડૂબેલું રહે અને કુળપરંપરા અનુસાર ધર્મમાં એનું ચિત્ત લાગેલું રહે."

એક દિવસ તક જોઇને શેઠે પોતાની પુત્રવધૂને કહ્યું.

"દીકરી, આ લે ચાવીઓ, આજથી તું ઘરની માલીક છે. ઘરની તમામ ચીજવસ્તુઓ પર તારો અધિકાર રહેશે. તારી ઇચ્છા મુજબ એનો તું ઉપયોગ કરજે. તારે ખાવા-પીવા, પહેરવા-ઓઢવા વગેરે માટે જે કંઈ જોઇએ તે મંગાવી લેજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એક વાતનું ધ્યાન રાખજે કે તારા જીવનમાં તારાથી એવું કોઇ વર્તન ન થાય કે જેનાથી તારા પિયર પર કે અમારા પર કલંક લાગે અને સમાજમાં નીચાજોણું થાય ”

પુત્રવધૂએ આનો સહર્ષ સ્વીકાર કર્યો. ઘરની માલિક બનવાથી એ ઘણી ખુશ હતી. ઘરની વ્યવસ્થાની બધી જવાબદારી એના પર આવવાથી ધીરે ધીરે એનામાં ગંભીરતા આવતી ગઇ. ઘર અને પડોશના બધા જ લોકો એને આદરપૂર્વક બોલાવતા હતા. પોતાના સુંદર અને ઉદાર સ્વભાવને કારણે એને બધાનો ચાહના મળી. માતાની માફક એ સહુનું પાલન-પોષણ કરવા લાગી સસરા તરફથી તો એ નિશ્ચિત હતી. વળી ખાનપાનની બધી સગવડતાઓ મળી હતી અને તમામ પ્રકારની મોકળાશ હતી. પરિણામે એ ઉત્સાહભેર પોતાનાં કાર્યો કરતી હતી. ધીરે ધીરે એ પોતાનું વૈધવ્યનું દુઃખ પણ ભૂલી ગઇ

શેઠે તો દીર્ઘ દૃષ્ટિથી વિચારીને પોતાની વિધવા પુત્રવધુને સુંદર રીતે જીવન પસાર કરવાની સ્વતંત્રતા આપી હતી. પરંતુ અત્યંત સુખસુવિધા હોય, વિલાસી ખાનપાન હોય, તમામ પ્રકારની આઝાદી હોય, પણ જો જીવનમાં તપ ન હોય, જીવનને તપની કસોટીએ કસવામાં ન આવ્યુ હોય તો મનુષ્યને ખોટા માર્ગે જતાં વાર લાગતી નથી, અત્યાધિક સુખસુવિધાઓ પર તપનો અંકુશ ન હોય તો જીવન પર જોખમ રહે છે. વળી આ વિધવા સ્ત્રીની ઉંમર પણ ઘણી મોટી નહોતી. પોતાની જવાબદારી બજાવતી હોવા છતાં એના પર યુવાનીના કામોન્માદે પોતાનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યું. આરંભમાં તો એણે પોતાની જાતને સંભાળી લીધી પરંતુ જ્યારે ઉન્માદની ઉત્કટતા વધવા લાગી ત્યારે એણે મનોમન વિચાર્યું :

“કાંઈક એવો ઉપાય શોધી કાઢું કે જેથી મારી કામવાસના શાંત થાય અને મારા કુળની આબરૂ સચવાઈ રહે. જો આ વાત બહાર ફેલાય તો બંને કુળને કલંક લાગે અને નીચાજોણું થાય. આનાથી બહેતર તો એ છે કે ઘરમા જ આવી કોઇ ગોઠવણ કરી લેવી ”

માનવી જ્યારે મલીન વિચારોના રસ્તે ચાલે છે ત્યારે એની બુદ્ધિ પણ એના અધમ વિચારોને આચરણમાં મૂકવા માટે સાચીખોટી અનેક યુક્તિઓ સૂઝાડે છે. શેઠની વિધવા પુત્રવધૂએ પોતાના દુષ્ટ વિચારને અમલમાં મૂકવા માટે એક યુક્તિ વિચારી લીધી અને બીજા જ દિવસે પોતાના વૃદ્ધ સસરાને વિનંતી કરી :

“પિતાજી! આપણો રસોઇયો અત્યંત વૃદ્ધ થઈ ગયો છે. એને પૂરું દેખાતું પણ નથી. રસોઇ બનાવતા પણ એને ખૂબ મુશ્કેલી પડે છે. તેથી આજથી જ હુ આ જૂના ઘરડા રસોઈયાને છૂટો કરું છું. તમે આજે જ તપાસ કરીને કોઇ યુવાન રસોઇયાને લઈ આવો.”

શેઠ અનુભવી હતા એમની બુદ્ધિ જીવનની ઘણી તડકી-છાંયડીના અનુભવોથી પકવ બનેલી હતી. પુત્રવધૂની વાત સાંભળતાં જ તેના છૂપા ભાવને પામી ગયા. પણ એને ઠપકો આપવા કે ધમકાવવાને બદલે શેઠે પોતાનું આત્મનિરીક્ષણ કર્યું. તેઓ વિચાર કરવા લાગ્યા.

“ઓહ આ મારી જ ભૂલ છે આટલી બધી સુવિધા અને આટલી બધી સગવડ આપવાની સાથોસાથ શરીર, ઈન્દ્રિય અને મન પર સ્વૈચ્છિક અંકુશ રાખનારા તપની એને તાલીમ આપી નહિ. આવું કર્યું હોત તો આવી સ્થિતિ ઊભી થાત નહિ, મારે જ મારી ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઇએ. જેનાથી એને તપની તાલીમ મળે અને મનના મલિન વિચારો દૂર થાય.”

શેઠે પોતાની વણિક બુદ્ધિનો ઉપયોગ કર્યો. પુત્રવધૂને સ્નેહભરી વાણીમાં કહ્યું, “દીકરી! આજે તો એકાદશી છે. મારે તો ઉપવાસ છે. આજની રસોઈનું કામ તું સંભાળી લે. કાલે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા રસોઇયાની તપાસ કરીશ."

વહુએ પોતાનો સમભાવ બતાવતાં કહ્યું, "પિતાજી! આપને ભોજન કરાવ્યા વિના હું પણ નહિ જમું. હું પણ આજે ઉપવાસ કરીશ."

શેઠે એને પ્રોત્સાહન આપતાં કહ્યું, "જેવી તારી ઇચ્છા સંસ્કારી વહુ! આને જ ધર્મ છે."

આ બિચારી પુત્રવધૂએ ક્યારેય ઉપવાસ નહોતો કર્યો, પણ હવે તે બંધાઇ ચૂકી હતી.

શેઠ એના શરીર અને મન પર થતી ઉપવાસની પ્રતિક્રિયાને જોઇ રહ્યા હતા, કારણ કે શરીર અને મનને સાધવા માટે એને જરૂરી હોય તેટલું તપ કરાવવા માગતા હતા.

બીજે દિવસે જોયું તો એક દિવસ ભૂખ્યા રહેવા છતાં એના શરીર પર કોઈ ખાસ અસર થઇ નહોતી. શરીરની ચરબી ઘટી નહોતી. તેથી એમણે પુત્રવધૂને કહ્યું,

"આજે અમુક તીર્થંકરનો જન્મ કલ્યાણક દિવસ છે આથી હું આજે પણ બીજો ઉપવાસ કરીશ"

આ સાંભળીને તરત જ વહુએ કહ્યું, "હું પણ આજે બીજો ઉપવાસ (બેલા) કરીશ."

શેઠ એની વાત પર પ્રશંસાના ફુલ ચડાવતાં બોલ્યા, "તારા જેવી કુલીન સ્ત્રીઓ જ ધર્મને સમજે છે."

ત્રીજા દિવસે શેઠે વળી બીજા કોઇ તીર્થંકરનો જન્મ કલ્યાણક દિવસ કહીને ત્રીજો ઉપવાસ (તેલા) કર્યો. વહુએ પણ ઉત્સાહપૂર્વક તેલા કર્યો. શેઠ વહુના શરીર પર થતા પરિવર્તનને જોઈ રહ્યા હતા. ચોથા દિવસે ચતુર્દશી હતી. આથી શેઠે કહ્યું,

"આજ તો ચતુર્દશી છે. મારે તો આજ પણ ભોજન કરવું નથી. આજે હું ચોથો ઉપવાસ કરીશ."

વહુએ કહ્યું, "તો હું પણ આજે ભોજન નહિ કરું."

શેઠે વહુની પ્રશંસા કરતા કહ્યું, દીકરી, તારા જેવી ધર્માત્મા સ્ત્રીઓના પ્રતાપે જ આ પૃથ્વી ટકેલી છે.

પાંચમા દિવસે હતી પૂર્ણિમા, શેઠજીએ કહ્યું, "હું આજે પારણાં નહિ કરૂં. કારણ કે આજે તો પર્વનો પવિત્ર દિવસ છે."

બિચારી વહુએ ક્યારેય તપ કર્યું નહોતું. ત્રીજા દિવસે એનું શરીર શિથિલ થયું. ડગમગવા લાગ્યું. ચોથા દિવસે તો સૂઇ જ રહી. કબીરજીએ સાચું જ કહ્યું છે—

'न कुछ देखा ज्ञान-ध्यान मैं
न कुछ देखा पोथी में ।
कहे कबीर सुनो भाई साधो
जो कुछ देखा रोटीमें ॥'

આથી જ ઉપનિષદો કહે છે, 'अन्न वै प्राणा.' (અન્ન એ જ પ્રાણોનો આધાર છે). અન્ન વિના એ અકળાતી હતી. આથી તો કહેવત છે કે 'अन्नियो कूदे अन्नियो नाचे' એટલે કે અન્નના આધારે જ માનવી તાગડધિન્ના કરે છે અને અનેક ધમાલ–ધાંધલ મચાવે છે. અન્ન મળે નહિ તો બધું જ બંધ થઈ જાય. આમ છતા વહુએ સાહસ કરીને કહ્યું.

"તો પિતાજી આજે હું પણ કોઇ પણ સંજોગોમાં ભોજન લઇશ નહિ."

પુત્રવધૂ પાંચ દિવસથી ભૂખી હતી. શરીર અને ઇન્દ્રિયો શિથિલ થતાં એનું મન પણ શાંત થઇ ગયું. મનને ખોરાક આપનાર ઈન્દ્રિયો અને શરીર છે. એના મનની ભીતરમાં કામવાસનાના જે અધમ વિચારો હતા એ બધા જ ચાલ્યા ગયા. સાચે જ માનવી જ્યારે સ્વેચ્છાએ ભૂખ્યો રહે છે ત્યારે એના મન અને મગજમાંથી અશુદ્ધિ અળગી થઇ જાય છે અને વિશુદ્ધ ચિંતનધારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રગટે છે. આ પુત્રવધૂના દિલ અને દિમાગમાં જાગેલા મલિન વિચારો પાંચ ઉપવાસના પ્રભાવથી ક્યાંય ચાલ્યા ગયા અને એને બદલે શુદ્ધ ભાવધારા વહેવા લાગી

"હે પ્રભુ હું કેવી દુષ્ટ છું! મારા સસરાજીએ બધાં જ સુખસાધન, સ્વતંત્રતા અને અધિકાર આપ્યા. પરંતુ એના પર મેં તપથી અંકુશ મુક્યો નહિ અને મારા મનમાં કુળને કલંકિત કરે એવા નીંદનીય વિચારો જાગ્યા. ધિક્કાર છે મને! મને તપની તાલીમ આપવા માટે મારા સસરાને પાંચ ઉપવાસનું કષ્ટ સહન કરવું પડયું. હવે સવાર થતાં જ એમની પાસે જઇને મારા મનનો અપરાધ પ્રગટ કરીને ક્ષમા માગી લઇશ"

બીજી બાજુ સવાર પડતાં જ સસરાએ પુત્રવધૂને કહ્યું, 'દીકરી! આપણે બંને પાંચ-પાંચ ઉપવાસ કરી ચૂકયા છીએ. આજે છઠ્ઠો દિવસ છે. મારુ શરીર શિથિલ થઈ ગયું છે. આજે તું ગમે તેમ કરીને રસોઈ કરી નાખ. પારણું કર્યા પછી હું કોઇ જુવાન રસોયાને શોધી લાવીશ.

વિધવા પુત્રવધૂએ નમ્ર ભાવે પ્રણામ કરતાં કહ્યું, 'પિતાજી, મારે હવે યુવાન રસોઈયાની જરૂર નથી.'

'કેમ દીકરી, એવું તે શું થયું! શા માટે ના પાડે છે?' સસરાએ કહ્યું,

પુત્રવધૂ બોલી, 'પિતાજી આપે મને પાંચ ઉપવાસ દ્વારા તપની તાલીમ આપી એને પરિણામે મનના કુવિચાર નષ્ટ થઇ ગયા. આપ મારા ધર્મપિતા છો, એટલે આપનાથી મારા મનની કોઇ વાત હું છુપાવીશ નહિ. તપના અંકુશના અભાવને લીધે હું કામવાસનાના વિચારોના પ્રવાહમાં વહી ગઇ હતી અને એ જ વાસનાગ્રસ્ત વિચારોની પૂર્તિ માટે મેં યુવાન રસોઈયાને લાવવાનું કહ્યું હતું, કામવાસના પર વિજય મેળવવાનો મારી પાસે કોઈ ઉપાય નહોતો, પરંતુ હવે એ ઉપાય જડી ગયો છે. મારે માટે આપને પાંચ ઉપવાસ કરવા પડયા એની મને ક્ષમા આપો.

આમ આંસુ સારતાં સારતાં પુત્રવધૂ સસરાના પગે પડી.

સસરાએ આશ્વાસન આપતાં કહ્યું. 'દીકરી, આ તો મારી ભૂલ હતી કે મેં તને પહેલેથી જ તપની તાલીમ આપી નહિ. તુ તો અનુભવી નહોતી. આથી જે કંઈ બન્યું તેને માટે કઇક અંશે હુ જવાબદાર છું. તું મને ક્ષમા આપ અને હવે તારા પર તપરૂપી અંકુશ રાખીને ધર્મમાં દૃઢ બની રહે.'

એ દિવસથી જ પુત્રવધૂએ પોતાનાં શરીર, મન અને ઇન્દ્રિયોને તપના માધ્યમથી સંયમમાં લેવા પ્રયાસ કર્યો. સાદું ભોજન લેવાનું શરૂ કર્યું અને વચ્ચે વચ્ચે કયારેક ઉપવાસ, આયંબિલ જેવાં તપ પણ કરવા લાગી.

આ છે શરીર, મન, ઇન્દ્રિય આદિને સાધવાનો અચુક ઉપાય.

એક અત્યંત ચપળ અને તરવરાટવાળો ઘોડો છે. એની ચાલ ખૂબ ઝડપી છે. એ ઘણો મજબૂત અને સ્ફૂર્તિવાળો છે. એને કાબૂમાં લેવા માટે જો તમે સખત માર મારીને એનું કચુંબર કરી દેશો તો શું તમે ઘોડાની લાશ પર સવારી કરશો? વિવેકી પુરુષ તો ઘોડાને કાબૂમાં લેશે. એની ગતિ બરાબર કરવા માટે એને તાલીમ આપશે. આવી જ રીતે શરીરને મારવાની પીડવાની કે દમવાની અપેક્ષાએ તપની તાલીમ આપીને અંકુશમાં રાખવું જોઇએ આમ થાય તો જ તપની સાચી આરાધના થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શીલનો પ્રભાવ

મૂળ પ્રવચનકાર : આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સા.
ગુજરાતી રૂપાન્તર : ડૉ. કુમારપાળ દેસાઇ

શુદ્ધ અને વ્યાપક ધર્મનું બીજું અંગ છે શીલ. શીલ માનવજીવનનું અમૂલ્ય આભૂષણ છે. સામાન્ય રીતે સ્ત્રીઓ સોના-ચાંદી અને હીરા મોતીનાં આભૂષણો પહેરીને શરીરની શોભા વધારતી હોય છે. આવા અલંકારોથી શરીરને સુશોભિત કરવાને બદલે શીલરૂપી ઘરેણાંથી આત્માને સજાવવો અને સુશોભિત કરવો તે મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. સોના-ચાંદીનાં આભૂષણો તો ચોરાઇ જાય, લૂંટાઇ જાય અને લડાઈ, ઝઘડા કે ઇર્ષાનું કારણ પણ બને. વળી જે શરીરને સુશોભિત અને શૃંગારિત કરવા માટે ઘરેણાં બનાવવામાં આવે છે એ શરીર તો એક દિવસ નષ્ટ થઇને માટીમાં મળી જવાનું છે શીલરૂપી આભૂષણને કોઇ ચોરી શકતુ નથી, લૂંટી શકતું નથી તેમ જ ઇર્ષા કે કંકાશનું કારણ બનતું નથી જે આત્માને સુશોભિત કરવા માટે શીલરૂપી આભૂષણ સ્વીકારવામાં આવે છે એ આત્મા અમર છે અને શીલના પ્રભાવથી તેનું તેજ વધે છે, આથી જ શીલ એ જીવનનું ઉત્તમાંગ છે

## શીલ : શ્રેષ્ઠ આભૂષણ

દાન આપવાથી ઉદારતા, કરુણા, લોકપ્રિયતા જેવા ગુણોની વૃદ્ધિ થાય છે, પણ શીલના આચરણથી તો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ ત્રણેય પ્રકારે સર્વતોમુખી વિકાસ થાય છે. શીલ શરીર, મન અને આત્મા ત્રણેયને બળવાન બનાવે છે. એનાથી માનવીની ખોટી આદતો. અયોગ્ય આચરણ, વૃત્તિઓની નિરંકુશતા, મનના દૂષિત ભાવો, મૈથુનસેવનની લાલસા, વ્યસનો, તથા વાણી, આહાર અને વચનનો અસંયમ જેવા દુર્ગુણો અને દુરાચારો દૂર થાય છે. શીલ દ્વારા જીવનમાં સદાચાર, સદ્‌વિચાર, સુવૃત્તિ, વચન, આહાર અને આચરણમાં વિવેક પ્રગટે છે. જીવન સંસ્કારી બનીને ઉન્નત દશાએ પહોંચે છે. સદ્‌ગુણોથી વિભૂષિત કરનાર કોઈ હોય તો તે શીલ જ છે. આથી જ મહાપુરુષો શીલને શુદ્ધ, સદ્‌ધર્મનું દ્વિતીય અંગ માને છે, માત્ર સાધુજીવન માટે જ નહિ બલ્કે ગૃહસ્થજીવનને માટે પણ શીલની અનિવાર્ય આવશ્યકતા છે. શીલનો મહિમા વર્ણવતાં ભર્તૃહરિ કહે છે.—

'ऐश्वर्यस्य विभूषणं सुजनता, शौर्यस्य
वाक्संयमो।
ज्ञानस्योपशम श्रुतस्य विनयो, वित्तस्य
पात्रे व्ययः ॥
अक्रोधस्तपसः क्षमा प्रभुवितुर्धर्मस्य
निर्व्याजता ।
सर्वेषामपि सर्वकारणमिदं शील परं
भूषणम् ॥

ઐશ્વર્યનું આભૂષણ સૌજન્ય છે. શૌર્યનું આભૂષણ વાણીસંયમ છે. જ્ઞાનનું ઉપશમ, શ્રુતનું વિનય અને ધનનું આભૂષણ સુપાત્રદાન છે. આવી રીતે તપસ્યાનું અક્રોધ, સમર્થનું ક્ષમા અને ધર્મનું નિશ્ચલતા આભૂષણ છે. પરંતુ આ બધા જ ગુણોનું મૂળ કારણ શીલ છે. જે શ્રેષ્ઠ આભૂષણ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીલના ગુણનું હું શું વર્ણન કરુ ? માત્ર કુટુંબ જ નહિ પણ ગ્રામ, નગર, રાષ્ટ્ર અને વિશ્વ શીલધર્મ પર આધારીત છે જયાં શીલનું રાજ્ય હોય ત્યાં પરસ્પર પ્રેમ અને વિશ્વાસનો પ્રાદુર્ભાવ થાય છે. શીલથી જ સમાજ અને કુટુંબમાં સુખશાંતિની મધુર છાયા વ્યાપેલી રહે છે. શીલની મર્યાદા લુપ્ત થાય તો કુટુંબ વેરાન બને છે. સમાજ દૈત્યોનું નિવાસસ્થાન બને છે. અને રાષ્ટ્ર સ્વચ્છંદતામાં ડૂબી જાય છે. આથી જ કહેવાયું છે—

"शील रतन सबसे बडो, सब रत्नोकी खान।
तीन लोक की संपदा, रही शील में आन ॥"

## શીલનો ચમત્કાર

આજે મોટાભાગના લોકો ચમત્કારને નમસ્કાર કરતા થઈ ગયા છે, પરંતુ એમને એ ખબર નથી કે આ બધા ચમત્કારોનું મૂળ કયાં છે? સામાન્ય લોકો જેને ચમત્કાર કહે છે એ તો કોઈ મદારી કે જાદુગર પણ કરી શકે છે. કેટલાક ચમત્કારનો પ્રભાવ માત્ર મનુષ્યો પર જ નહિ, બલ્કે ભૌતિક જગત અને સમગ્ર પ્રકૃતિ પર પડતો હોય છે. આવો ચમત્કાર જાદુગરો કે મંત્રવિદો કરી શકતા નથી. એ શક્તિ તો શીલવાન પાસે હોય છે. સોળ સતીઓનું જીવનચરિત્ર તમે સાંભળ્યું હશે. શીલવતી સીતાના શીલના પ્રભાવથી આગ પણ પાણીમાં ફેરવાઈ ગઇ હતી. અગ્નિ એને બાળી શક્યો નહિ એ શું ઓછો ચમત્કાર છે? શીલવાન હનુમાનના આદેશથી લંકાનો વિશાળ સમુદ્ર નાનકડી નદી જેવો બની ગયો હતો. બીજા શીલવાન મહાપુરુષોના શીલપ્રભાવથી સિંહ, સાપ જેવા ક્રૂર પ્રાણીઓ પણ મિત્ર બની ગયાં હતાં. સ્વામી રામતીર્થે હિમાલયનાં હિમાચ્છાદિત શિખરોને આદેશ આપ્યો, "ઓ હિમાલયનાં હિમાચ્છાદિત શિખરો! શહેનશાહ રામ તમને દૂર ખસી જવાનો આદેશ આપે છે." અને સાચે જ શિખરો ઓગળી ગયાં. આથી જ ભર્તૃહરિએ પોતાના અનુભવના નવનીતરૂપે એમ કહ્યું,

'वह्निस्तस्य जलायते, जलनिधि कूल्यायते
तत्क्षणात ।
मेरुः स्वल्पशिलायते मृगपति सद्यः कुर गायते॥
व्यालो माल्यगुणायते विषरस पीयूपवर्षायते ।
यस्याङ्गेऽखिललोकवल्लभतरं शील
समुन्मीलति ॥'

જેના અંગેઅંગમાં સમગ્ર લોકનું અતિવલ્લભ શીલ ઓતપ્રોત છે એને માટે અગ્નિ પાણી બની જાય છે. સમુદ્ર નાની નદી બની જાય છે. મેરુ પર્વત સામાન્ય શિલા બની જાય છે. સિંહ તરત જ હરણની માફક વ્યવહાર કરે છે. સર્પ પુષ્પની માળા બની જાય છે અને વિષ અમૃત બની જાય છે,'

સાચે જ શીલમાં અપૂર્વ શક્તિ છે. આવા શીલબળના પ્રભાવથી સુદર્શનને અપાયેલી શૂળી સિંહાસન બની ગઇ હતી.

આ સુદર્શન પૂર્વ જન્મમાં કોણ હતો? કયા કારણે એનો સુદર્શનના નામે જન્મ થયો અને એણે શીલરત્ન મેળવ્યું? આવી જિજ્ઞાસા તમારા મનમાં જાગતી હશે તો સાંભળો એની કથા.

સુદર્શન એના પૂર્વજન્મમાં એક શેઠને ત્યાં ગાયભેંસ ચરાવવાનું કામ કરતો ગોવાળિયો હતો. શેઠ અને શેઠાણીને એના પર ઘણી લાગણી હતી. શેઠ અને શેઠાણીના આ ઔદાર્યને પરિણામે જ એને પંચ પરમેષ્ઠિની ભક્તિ અને નામ જપના સંસ્કાર મળ્યા. એક દિવસ એ જંગલમાં ગાયો ચરાવતો હતો ત્યારે અચાનક એક વૃક્ષની નીચે તપ અને શીલના મૂર્તિ સમા મુનિરાજને ધ્યાનસ્થ દશામાં ઊભેલા જોયા. આ જોઈને જ ગોવાળ એટલો બધો પ્રભાવિત થયો કે કલાકો સુધી એકીટસે મુનિરાજને જોઈ રહ્યો. ધ્યાન પૂર્ણ થતાં 'નમો અરિહંતાણં' બોલીને મુનિરાજ આગળ ચાલ્યા અને પછી જ ગોવાળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાંથી ખસ્યો. ઘેર પહોંચ્યા બાદ એણે શેઠ અને શેઠાણીને મુનિદર્શન અને મંત્રોચ્ચારની વાત કરી આ સાંભળીને શેઠ એના પર ખુશ થયા અને એના આવા સદ્ભાગ્ય માટે આનંદ વ્યક્ત કર્યો. શેઠે ગોવાળિયાને આખો નમસ્કારમંત્ર શીખવ્યો અને એના માહાત્મ્યની સમજણ આપી. એ પછી ગોવાળિયો જ્યારે સમય મળે ત્યારે આ મંત્રનો જપ કરવા લાગ્યો.

એક દિવસ જંગલમાં જોશભેર આંધી આવી અને વરસાદ પડયો. જે રસ્તેથી એને ઘેર પહોંચવાનું હતું ત્યાં વચ્ચે આવતી નદીમાં મોટું પૂર આવ્યું હતું. ગાયો તો નદી પાર કરીને ઘેર પહોંચી ગઈ. પરંતુ આ ગોવાળિયો પૂરને કારણે ઘેર પાછો વળ્યો નહીં. પરિણામે શેઠ અને શેઠાણી બંને એની ચિંતા કરવા લાગ્યાં રાત વધુ ને વધુ અંધારી થતી હતી. બીજી બાજુ ગોવાળિયો નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરતો કરતો નદી પાર કરી રહ્યો હતો. દુર્ભાગ્યે એક તીક્ષ્ણ લાકડું શૂળની માફક એના પેટમા પેસી ગયું. આને કારણે એ મૃત્યુ પામ્યો, પણ મૃત્યુવેળાએ એના ચહેરા પર કશી વેદના નહોતી. એણે પ્રશાન્તતાથી શરીરત્યાગ કર્યો અને નમસ્કાર-મંત્રના પ્રભાવથી શુભપરિણામી એવા ગોવાળ ચંપાનગરીના ઋષભદત્ત શેઠને ત્યાં પુત્રરૂપે જન્મ્યો. એનું નામ સુદર્શન રાખવામાં આવ્યું. ઋષભદત્ત શેઠને ત્યાં ધર્મમય વાતાવરણ હોવાથી અને પોતાના પૂર્વગત સંસ્કારોને કારણે સુદર્શન ધાર્મિક અને સદાચારી જીવન જીવવા લાગ્યો. યોગ્ય ઉંમરનો થતાં માતાપિતાએ એનો વિવાહ શીલ અને ગુણમાં પણ એના સાથી જેવી મનોરમા નામની કન્યા સાથે કર્યો.

લગ્ન થયા પછી સુદર્શન દૃઢતાથી ગૃહસ્થાશ્રમને અનુરૂપ શીલપાલન કરવા લાગ્યો. ગૃહસ્થ-જીવનના શીલમર્યાદા મુજબ પરસ્ત્રી સંગથી દૂર રહેવા લાગ્યો. આની સાથોસાથ વ્યસન, વિષયા-શક્તિ તેમ જ કામોદ્દીપક વસ્તુઓને જોવા, સાંભળવા, વાંચવા અને ઉપયોગ કરવાથી દૂર રહેવા લાગ્યો અને એ રીતે શીલપાલન માટે અનુકૂળ નૈતિક ગુણો ખીલવવા માંડયો.

સુદર્શનનું જીવન સીધું, સાદું, સરળ અને સદાચારી હતું. એની પત્ની શીલધર્મમાં એની સહાયક હતી. અન્ય ધર્મકાર્યોમાં એની સાથે ખભેખભા મિલાવીને ભાગ લેતી હતી. ગૃહસ્થ-જીવનમાં પતિપત્ની બંને શીલ આદિ ધર્મોનું આચરણ કરતાં હોય ત્યાં દુઃખ, કલેશ, અવિશ્વાસ કે પરસ્પર માટે દૂષિત ભાવના કયાંથી હોય? આ કારણે સુદર્શન અને મનોરમાનો ગૃહસ્થ-જીવનરૂપી રથ ધર્મઆરાધના સાથે સુખશાંતિભરી રીતે આગળ વધતો હતો.

તમે જાણો છો કે શીલ યા અન્ય કોઇ ધર્મનું પાલન કરનારની કસોટી થતી હોય છે. સોનાને આગમાં તપાવવામાં આવે છે. એને કાપવામાં આવે છે, આ બધી કસોટીમાંથી પાર ઊતરે પછી જ એ કુંદન કહેવાય. ધર્મપરાયણ અને શીલવાનની અગ્નિપરીક્ષા થતી હોય છે એ જ રીતે સુદર્શનની સામે એના શીલની અગ્નિપરીક્ષા કરે તેવો સમય આવ્યો.

રાજ્યનો રાજપુરોહિત સુદર્શનનો ઘનિષ્ટ મિત્ર હતો. રાજપુરોહિતે એક વાર એની સમક્ષ પોતાના મિત્ર સુદર્શનનાં રૂપ, ગુણ અને શીલની પ્રશંસા કરી. પુરોહિતની પત્નીને મનોમન સુદર્શન પર મોહ જાગ્યો અને પોતાની કામવાસના તૃપ્ત કરવાનો મોકો શોધવા લાગી. એ રાહ જોતી હતી કે, કયારે મારા પતિ બહારગામ જાય અને કયારે હું મારો મનોરથ પૂર્ણ કરું?'

એક દિવસ રાજા અને રાજપુરોહિત કાર્ય-વશાત્ બહારગામ ગયા હતા. પુરોહિતની પત્નીએ પોતાની તૃપ્તિ માટે સુદર્શનને સંદેશો મોકલાવ્યો કે એમના મિત્ર અત્યંત બિમાર છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમને મળવા માટે અતિ આતુર છે.

મિત્રની ગંભીર બીમારીના સમાચાર સાંભળતાં જ નિર્મળ અને નિશ્ચલ સુદર્શન વ્યાકુળ થઇ ગયો અને તરત જ પુરોહિતને મળવા દોડી ગયો. પુરોહિતની પત્નીએ સુદર્શનને ફસાવવા માટે જાળ બિછાવી રાખી હતી. સુદર્શને પુરોહિતના ઘરમાં પ્રવેશ કર્યો કે પુરોહિતની પત્ની એને એક ખંડમા લઈ ગઈ. એ ખંડની એક પથારી પર કોઈ બીમાર સૂતું હોય એ રીતે તકિયા ગોઠવીને એના પર ચાદર ઓઢાડી હતી. સુદર્શન જેવો એ ખંડમાં પ્રવેશ્યો કે તરત જ પુરોહિતની પત્નીએ બારણાં બંધ કરી દીધા. સુદર્શનની આગળ વિલાસી હાવભાવ અને કુચેષ્ટા કરીને એ પોતાની પાપમય કામ વાસના પૂરી કરવા માટે વિનંતી કરવા લાગી.

સુદર્શનને તરત જ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. પુરોહિત પત્નીની મોહક ભાવભંગિ અને કુચેષ્ટાથી એ સહેજે ચલિત થયો નહિ. બલ્કે પોતાના શીલધર્મ પર દૃઢ રહ્યો. એણે નીચી નજરે શાંત અને ગંભીર અવાજે પુરોહિતની પત્નીને કહ્યું,

"આપની કામવાસના હું તૃપ્ત કરી શકું તેમ નથી, કારણ કે હું નપુંસક છું"

હકીકતમાં પરસ્ત્રીની બાબતમાં કે શીલભંગ કરવામાં સુદર્શન નપુંસક અર્થાત્ નિષ્ક્રિય જ હતો. સુદર્શનની વાત સાંભળીને, કામોન્મત્ત પુરોહિતની પત્નીની સઘળી આશા પર પાણી ફરી વળ્યું. એણે તરત જ બારણાં ઉઘાડીને સુદર્શનને બહાર જવા દીધો. સુદર્શન પ્રભુની અસીમ કૃપા માટે પાડ માનતો પોતાને ઘેર પાછો ફર્યો. એણે આ દિવસે શીલપાલનના બાબતમાં વધુ જાગ્રત અને નિયમબદ્ધ રહેવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ ચંપાનગરીની બહાર આવેલ રાજઉદ્યાનમાં કૌમુદી મહોત્સવ યોજાયો હતો. આમાં ભાગ લેવા માટે માનવમેદની ઉત્સાહિત થઈને ઉદ્યાન તરફ જઇ રહી હતી. સુદર્શનની પતિવ્રતા પત્ની મનોરમા પણ પોતાના છ પુત્રો સાથે રથમાં બેસીને જઈ રહી હતી. મનોરમા માત્ર ગુણથી જ નહિ પણ રૂપથી પણ અત્યંત સુંદર હતી. એનો રથ રાજમહેલ પાસેથી પસાર થતો હતો ત્યારે રાણી અભયા અને પુરોહિતપત્નીની નજર મનોરમા પર પડી.

પુરોહિતની પત્નીએ અભયા રાણીને પૂછ્યું, આ અત્યંત સુંદર સ્ત્રી કોણ છે?'

અભયા રાણી બોલી, 'અરે! તું એમને ઓળખતી નથી? આ તો આપણી નગરીના શેઠ સુદર્શનની ધર્મપત્ની છે'

પુરોહિતની પત્નીએ પૂછ્યું, 'અને એની સાથે જે છોકરાઓ છે એ કોના પુત્રો છે?"

અભયા રાણીએ આશ્ચર્ય પામતાં કહ્યું, 'બીજા કોના હોય વળી? સુદર્શન શેઠના જ પુત્રો છે.'

'હેં! આ સુદર્શન શેઠને પુત્રો ક્યાંથી હોય! હું ખુદ એમની પરીક્ષા કરી ચુકી છું. તેઓ તો નપુંસક છે.' આમ કહીને પુરોહિતની પત્નીએ એ દિવસની વાત રાણીને કહી સંભળાવી.

આ સાંભળીને અભયા રાણી બોલી, 'બસ ને? તું આટલી ચતુર છે. છતાં આ બાબતમાં શેઠ તને બનાવી ગયા. પોતાને નપુંસક કહીને એણે તારાથી છુટકારો મેળવી લીધો.'

પુરોહિતની પત્નીએ મોં મચકોડતાં કહ્યું, 'રાણીજી, તમે તો અત્યંત ચતુર છો. જો તમે સુદર્શન શેઠને તમારાં કામબાણોથી વીંધી નાખો તો ખરાં. આમ થશે તો હું માનીશ કે તમે સાચે જ કામકલામાં સિદ્ધહસ્ત છો.'

અભિમાની રાણીએ આને પ્રતિષ્ઠાનો સવાલ માનીને પોતાની આવડત પુરવાર કરવાનું વચન આપી દીધું. કોઈ પણ રીતે આ કામ સિદ્ધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીને પુરોહિત પત્નાને નીચાજોણું કરવાનું નક્કી કર્યું. પોતાની દાસીઓને રાણીએ ઇનામની લાલચ આપીને કહ્યું કે કોઇ પણ રીતે સુદર્શન શેઠને મહેલમાં લઇ આવો.

દાસીઓ એવી તક શોધવા લાગી કે કયારે રાજા બહાર હોય અને સુદર્શન કોઈ જગ્યાએ એકલો હોય.

એક દિવસ સુદર્શન શેઠ પૌષધશાળામાં ઉપવાસ સાથે પૌષધ કરીને એકલા કાર્યોત્સર્ગમાં લીન હતા. રાજા પણ બહાર ગયા હતા. આવી સુંદર તક જોઇને દાસીઓ પૌષધશાળામાં પહોંચી ગઈ અને કાયોત્સર્ગમાં લીન સુદર્શનને પાલખીમાં લઈ આવી. જાણે કામદેવની મૂર્તિને પાલખીમાં બેસાડીને લઈ જતી હોય તેવો દેખાવ કર્યો. કામદેવનાં ગીત ગાતી ગાતી દાસીઓ પાલખીને છેક રાજમહેલમાં લઇ આવી. જનસમૂહને થયું કે કામદેવ યક્ષનો ઉત્સવ ઊજવાય છે. તેથી કોઈને આ અંગે કશી શંકા ગઇ નહિ.

રાણી અભયાએ કયારેય શેઠ સુદર્શનને નિકટથી જોયા નહોતા. દાસીઓએ પાલખીમાંથી સુદર્શનને બહાર કાઢયાં ત્યાં જ રાણી એનાં રૂપ, યૌવન, શરીરસૌષ્ઠવ અને લાવણ્યને જોવામાં તલ્લીન થઈ ગઈ એનું ચિત્ત કામવિહ્વળ થઇ ગયું. અને 'कामातुराणां न भय न लज्जा' એ કહેવત અનુસાર મતિભ્રષ્ટ થઇને અંગપ્રદર્શન, વિવિધ હાવભાવ અને કામચેષ્ટા કરવા લાગી. પ્રણયક્રીડા કરતી સુદર્શનને વિનંતિ કરવા લાગી.

"મારા હૃદયના દેવ! તમે પધારો અને મારો શીઘ્ર સ્વીકાર કરીને મારા મનોરથ પૂર્ણ કરો."

સુદર્શન શેઠને ખ્યાલ આવી ગયો કે એની કપરી અગ્નિપરીક્ષાની વેળા આવી ચુકી છે એણે અત્યંત નમ્રતાથી અને ચાતુર્યથી કહ્યું. "માતાજી, હું તો આપનો પુત્ર છું. આપના પુત્રને આપ શું કહી રહી રહ્યા છો? આપ તો રાજરાણી છો. પ્રજાને માટે માતા સમાન છો. જો તમે જ શીલની મર્યાદાનું ઉલ્લંઘન કરશો તો ભારે અનર્થ થશે."

સુદર્શનની આવી હિતકારી વાણીની રાણી પર લેશમાત્ર અસર ન થઇ. ખૂબ તપેલા ગરમ તવા પર પાણીનાં ટીપા પડે અને તરત જ ઉડી જાય એ રીતે સુદર્શનની વાણી વ્યર્થ ગઈ. રાણીએ કામાતુર થઈને સુદર્શનનો હાથ પકડયો અને કહ્યું, 'હવે તું અહીંથી છૂટીને જઇ શકે તેમ નથી.' આમ કહીને એના શરીર સાથે ગાઢ આલિંગન કર્યું. સુદર્શનને તો અભયાના આ આલિંગનમાં માતા પુત્રને છાતી સરસો ચાંપતી હોય તેવું જ લાગ્યું.

સુદર્શન પોતાના શીલમાં દૃઢ હતો અને રાણી પોતાની કામેચ્છા તૃપ્ત કરવામાં મક્કમ હતી. શીલ અને કુશીલ વચ્ચે બરાબર દ્વંદ્વ યુદ્ધ જામ્યું હતું.

રાણી અભયાએ જોયું કે એનો પેંતરો નિષ્ફળ જાય છે ત્યારે એણે બીજો પાસો ફેંકયો. એ સુદર્શનને કહેવા લાગી,

'જુઓ શેઠ! મારી વાત માની લેશો તો આ વિશાળ રાજ, ભવ્ય મહેલ, અઢળક રાજભંડાર અને મારા જેવી સુંદર સહચરી તમારી થઈ જશે. રાજા તો મારી મુઠ્ઠીમાં છે. એને હણી નાખવો એ તો મારા માટે ડાબા હાથનો ખેલ છે. પણ જો તેં મારી વાતનો ઇનકાર કર્યો તો પછી જોવા જેવી થશે. તારી સંપત્તિ અને ઘરબાર છીનવાઇ જશે અને તારે ભિખારીની માફક ઠેરઠેર ભટકવું પડશે. આથી મારી વાત માની મારો સ્વીકાર કરવામાં જ તારું ભલુ છે.'

સુદર્શન કોઈ જુદી જ માટીનો માનવી હતો. પ્રલોભનો એને સહેજે લોભાવી શકયાં નહિ. એ ભય એને લેશ માત્ર ડગાવી શકયો નહિ. રાણીને વારંવાર સમજાવવા લાગ્યો, પણ રાણી કયાં એનું કોઇ હિતકારી વચન કાને ધરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર હતી ! એણે સુદર્શન પર આખરી દાવ અજમાવતાં કહ્યું,

'હજી સમય છે, વિચારી લે, નહિ તો હું તારા પર આરોપ મૂકીને તને સિપાહીને હવાલે કરી દઈશ. પછી તારી કેટલી બધી દુર્દશા થશે, આખી નગરી તને હીન નજરે જોશે. આથી હઠ છોડી દે. આપણાં પ્રેમની કોઇનેય જાણ થશે નહિ એની હું તને ખાતરી આપું છું.'

રાણીએ નાખેલો આખરી પાસો નિષ્ફળ ગયો. સુદર્શન સહેજ પણ ચલિત થયો નહિ. રાણીએ જાતે જ પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં, વાળ વેર-વિખેર કર્યાં અને વિકરાળ રૂપ ધારણ કરીને જોરથી બુમો પાડવા લાગી :

'દોડો, દોડો ! કોઇ બચાવો મને ! આ શેઠ મારા પર બળાત્કાર કરવા માગે છે.'

અભયા રાણીની બૂમ સાંભળતાં જ ચોકીદારો ધસી આવ્યા. રાણીના ઢોંગને સાચો માનીને એમણે સુદર્શનને હાથકડી પહેરાવી દીધી અને રાજાની સમક્ષ ન્યાય કરવા માટે એને હાજર કરવામાં આવ્યો.

સુદર્શન શેઠને જોઈને રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. રાજાને વિશ્વાસ બેસતો નહોતો કે સુદર્શન જેવો માનવી કઇ રીતે આવું અધમ કૃત્ય કરવાનું દુઃસાહસ કરે ? પછી રાજાએ વિચાર્યું કે મોટા મોટા મુનિઓની વૃત્તિ પણ શિથિલ થઈ જાય છે તો પછી સુદર્શનના ચિત્તમાં વિકાર જાગે તે કંઈ આશ્ચર્યની વાત નથી.

રાજાએ સચ્ચાઇ જાણવા માટે પૂછ્યું, 'અરે શેઠ ! શું આ વાત સાચી છે ? જે કંઇ બન્યું હોય તે મને સાચેસાચુ કહી દો.'

રાજાએ બે-ત્રણ વાર પૂછ્યું, પણ સુદર્શન નિરુત્તર રહ્યા. શેઠ સુદર્શને વિચાર કર્યો કે જો હું સાચી વાત કરીશ તો રાજા રાણી પ્રત્યે હંમેશા અવિશ્વાસ રાખશે. એનો ઘરસંસાર વેરાન થઈ જશે અને કદાચ રાણીને ફાંસીની સજા પણ આપી દે ! આથી ઉત્તર આપવાને બદલે મૌન રહીને મારા પર જે વિપત્તિ આવવાની હોય તે સમભાવપૂર્વક સહન કરવી, એ જ શ્રેયસ્કર છે.

સુદર્શનને મૌન જોઇને 'मौनं स्वीकृति लक्षणम्' એ નિયમ અનુસાર રાજાને સુદર્શન અપરાધી હોવાની વાત સાચી લાગી. રાજાએ હુકમ કર્યો કે સુદર્શન શેઠને આખા નગરમાં ફજેત કરીને ફેરવો અને પછી શૂળીએ ચડાવો

તરત જ સિપાહીઓએ સુદર્શન શેઠને આખા નગરમાં ફેરવવાનું શરૂ કર્યું. સુદર્શન શેઠનું ઘર આવ્યું. આ દૃશ્ય જોઇને શેઠની પત્ની મનોરમા મૂંઝાઇ ગઈ. લોકમુખેથી એણે સાંભળ્યું કે રાણી સાથે સહવાસ કરવાની ઇચ્છાથી અંતઃપુરમાં પેસી જવાના અપરાધને કારણે રાજાએ સુદર્શનને મૃત્યુદંડની સજા કરી છે અને એને શૂળીએ ચડાવવા માટે અત્યારે લઇ જવામાં આવે છે.

આ સાંભળતા જ મનોરમા સ્તબ્ધ બની ગઇ એને પતીના ચારિત્ર માટે લેશમાત્ર પણ શંકા નહોતી. એ વિચારવા લાગી :

'મારા પતિ ક્યારેય આવું દુષ્કૃત્ય કરે નહિ. તેઓ નિષ્કલંક છે. પરંતુ કોઇ પૂર્વકૃત કર્મને કારણે એમના પર આવું આળ મુકાયું છે. આથી અર્ધાંગના તરીકે મારું એ કર્તવ્ય છે કે મારા પતિ પર આવેલા ખોટા આળને દૂર કરવા પ્રયાસ કરવો.'

આવા વિપત્તિકાળમાં મનોરમાએ ઈષ્ટદેવની આરાધનાને જ ઉચિત ઉપાય માન્યો. 'જ્યાં સુધી પતિ પર આવેલ કલંક દૂર ન થાય ત્યાં સુધી જિનેશ્વર પ્રભુના ધ્યાનમાં લીન રહેવું', એક બાજુ મનોરમા પ્રભુસ્તુતિ કરતી હતી, બીજી બાજુ સુદર્શન શેઠના મનમાં પરમેષ્ઠિમંત્રનો જાપ ચાલી રહ્યો હતો. શીલનો પ્રભાવ જ એવો હોય છે કે સમગ્ર વ્યક્ત અને અવ્યક્ત જગત આપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્તિના સમયે એની સહાયમાં લાગી જાય છે.

આ કારણથી જ જ્યારે સુદર્શનને શૂળી પર ચડાવવામાં આવ્યો ત્યારે શૂળી પણ સિંહાસન બની ગઇ! આ ચમત્કાર એ કોઈ બીજી બાબતનો ચમત્કાર નહિ પણ શીલનો ચમત્કાર હતો. સર્વત્ર સુદર્શન શેઠનો જયનાદ અને પ્રશંસા થવા લાગ્યાં. થોડીક ક્ષણોમાં જ આખા નગરમાં વીજળી વેગે આ સમાચાર ફેલાઇ ગયા. પૂરનાં ધસમસતા પાણીની માફક જનમેદની આ દૃશ્ય જોવા માટે આ સ્થળે ઉભરાવા લાગી.

રાજાને આ ખબર મળી ત્યારે તે પણ ઘટના-સ્થળે આવી પહોંચ્યો. બધા એક જ વાત કરતા હતા કે આવા ઉચ્ચ શીલવાન માનવીનો કોઇ વાળ પણ વાંકો કરી શકે નહિ આપણે તો શું, પણ ખુદ દેવતા પણ આવી વ્યક્તિની પ્રશંસા કરતા અચકાતાં નથી.

આ દૃશ્ય જોઈને રાજા સ્તબ્ધ બની ગયો. પોતાના અપરાધ માટે નતમસ્તકે વિનયપૂર્વક ક્ષમા માગવા લાગ્યો. એ પછી રાજાએ ક્રોધિત થઇને સુદર્શન શેઠ પર ખોટું કલંક લગાડનાર અભયા રાણીને મૃત્યુદંડ આપવાનો હુકમ કર્યો ત્યારે સુદર્શન શેઠનું કરૂણાસભર અંતઃકરણ ખળભળી ઊઠયું. એમણે રાજાને વિનંતી કરીઃ

'મહારાજ, મેં તેઓને 'માતા' કહીને સંબોધિત કર્યાં હતાં તો મારા નિમિત્તથી મારી માતાને મૃત્યુદંડ મળે એવું હું ઇચ્છતો નથી. આપે જ્યારે મને અંતઃપુરમાં પ્રવેશવા વિશે પૂછ્યું હતું ત્યારે હું મૌન રહ્યો હતો. આથી આપ તેઓને અભયદાન આપશો તેવું મને વચન આપો.'

રાજાએ સુદર્શન શેઠની વાતનો સ્વીકાર કરીને અભયા રાણીને અભયદાન આપ્યું અને પછી શેઠને સન્માનપૂર્વક પૌષધવ્રતનું પારણું કરાવ્યું. ત્યાર બાદ શેઠ સુદર્શનને હાથી પર બેસાડીને વાજતેગાજતે એમને ઘેર પહોંચાડવાનો આદેશ આપ્યો.

'શેઠ સુદર્શનની જય હો' નાં સૂત્રો અને પોકારો સાંભળીને તેમજ વાજિંત્રોનો અવાજ સાંભળીને મનોરમાના હર્ષનો પાર ન રહ્યો. પતિ પર લાગેલું કલંક દૂર થયેલું જાણીને મનોરમા કાયોત્સર્ગમાંથી ઊઠી. પતિપત્નીનું મિલન થયું અને શીલના ચમત્કારથી બંનેની શીલનિષ્ઠા વધુ દૃઢ થઇ.

આ છે શીલનો સાક્ષાત્ પ્રભાવ! એને કારણે શેઠ સુદર્શનનું નામ અમર થયું અને એમને સદ્‌ગતિ મળી.

## શીલવાનનો સાર્વત્રિક આદર

ભારતીય સંસ્કૃતિના ઊજ્જવળ ઈતિહાસનાં સુવર્ણ પૃષ્ઠો પર કેટલાં બધાં શીલસંપન્ન પુરૂષો અને સ્ત્રીઓનાં નામ અંકિત થયેલા છે! આમાંથી કોનાં કોનાં નામ ગણાવું? સીતા, દમયંતી, કુંતી ચંદનબાળા, રાજીમતી, બ્રાહ્મી, સુંદરી જેવી મહાસતીઓનાં શા માટે રોજ પ્રાતઃકાળે સ્મરણ કરવામાં આવે છે? શીલના અદ્વિતીય પ્રભાવે જ એમને પ્રાતઃસ્મરણીય બનાવ્યા છે. શીલવાન પુરુષના તેજસ્વી વ્યક્તિત્વ આગળ મોટામાં મોટો વિરોધી, મોટામાં મોટો પાપી કે મહાદુરાચારી વ્યક્તિ પણ નમી પડે છે. શીલવાનના પ્રભાવ આગળ હતપ્રભ બની જાય છે. આથી જ કહેવાયું છે.

'अमरा किंकरायन्ते सिद्धयः सहसंगता । :
समिपस्थायिनी सम्पच्छीलालंकारशालिनाम् ॥

'જેનો આત્મા શીલરૂપી અલંકારથી સુશોભિત છે એની આગળ દેવતાઓ પણ દાસ બની જાય છે, સિદ્ધિઓ એની સહચરી બની જાય છે અને લક્ષ્મી એની સામે બે હાથ જોડીને ઉભી રહે છે.'

શીલવાનને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાસક્ષ-કિન્નર તથા માનવ સહુ કોઈ નમસ્કાર કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીલવાન પુરૂષ મનની જે ઇચ્છા સેવે છે તે એને પ્રાપ્ત થાય છે. કુરૂપમાં કુરૂપ કે બેડોળમાં પણ અતિ બેડોળ એવી વ્યક્તિ એના શીલને કારણે જગતમાં પૂજનીય ગણાય છે.

શાસ્ત્રોમાં એમ દર્શાવાયું છે કે દેવોનાં રાજા ઈન્દ્ર પણ પોતાના સિંહાસન પર બેસતી વખતે 'णमो बंभयारिस' (બ્રહ્મચારીને નમસ્કાર હો) કહીને એમને નમન કરે છે. ઈન્દ્ર કે દેવ વ્રતનું આચરણ કરી શકતા નથી, પરંતુ તેઓ શીલ આદિ વ્રતના ધારકોનો અચૂક આદર કરે છે. તેઓ પોતાની સભામાં શીલ-મર્યાદાની વિરુદ્ધ એવી કોઇ કામવાસનાની વાત કરતા નથી અને કરવા દેતા નથી. વળી આની સાથો સાથ શીલ-મૂર્તિ તીર્થંકરો અને શીલવાન વ્યક્તિઓ પાસેથી શીલની પ્રેરણા પામવાનું એમનાં સભાગૃહોમાં કહેવાય છે આવી વ્યક્તિઓની ભક્તિ અને એમના સન્માનનું પૂરેપુરું ધ્યાન રાખવામાં આવે છે.

## ઉચ્ચ સાધના માટે અનિવાર્ય

દેશસેવા, સમાજસેવા કે ધર્મસેવાની ભેખ-ધારી વ્યક્તિને માટે શીલનું પૂર્ણતયા પાલન અનિવાર્ય છે. આના વિના એને પોતાના ઉદ્દેશમાં પૂર્ણ સફળતા સાંપડતી નથી. મહાત્મા ગાંધીજીએ દેશસેવાનું વ્રત લેવાનો વિચાર કર્યો ત્યારે એની સાથોસાથ એમનાં ધર્મપત્ની કસ્તૂરબાની સંમતિ લઇને પૂર્ણશીલ (બ્રહ્મચર્ય) વ્રતનો અંગીકાર કર્યો. રામકૃષ્ણ પરમહંસે કાલિમાતાની ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરવાનો વિચાર કર્યો એટલે જ સુહાગરાત્રે જ એમણે એમની ધર્મ-પત્ની શારદામણિ દેવીનો 'માતા' તરીકે સ્વીકાર કર્યો. જેથી એમનો દેહ વિષયવાસનાથી અપવિત્ર બને નહિ. બંને પતિ-પત્ની આજીવન શીલ-બદ્ધ થઈને કાલિમાતાની ભક્તિમાં ડૂબી ગયાં. સ્વામી રામતીર્થે પણ સંન્યાસ લેતી વખતે પોતાની પત્ની સાથે માતૃસબંધ બાંધ્યો હતો. જૈનમુનિએ દીક્ષા કે સંન્યાસ લઈને પૂર્ણરૂપે ધર્મસેવા કરવા માટે પણ પૂર્ણપણે શીલવ્રતનું પાલન કરવું અનિવાર્ય હોય છે.

શીલનાં સંસ્કાર દૃઢ બને, જીવનમાં ઓત-પ્રોત બને એ પછી વિપત્તિ, પ્રલોભન કે ભયપ્રેરક સ્થિતિમાં પણ શીલમાં દૃઢ રહેવાની નિષ્ઠા ટકી રહે છે. કોઇ ગમે તેટલી લાલચ આપે, ડરાવે કે ધમકાવે તો પણ શીલ છોડવાની તૈયારી હોતી નથી, બલ્કે શીલને અખંડિત રાખવા માટે મૃત્યુને ભેટવાની તૈયારી હોય છે. શીલસાધના દૃઢ થતાં માનવી ખોટા વિચાર, અશ્લીલ કાર્ય, ખરાબ પ્રવૃત્તિ કે મન, વચન અને કાયાથી કુચેષ્ટા કરતો નથી. ધીરેધીરે એની કામવાસના જડ-મૂળથી નષ્ટ થઇ જાય છે. કામવાસનાના ક્ષય વિના કોઇનીય મુક્તિ સંભવિત નથી. જૈનદર્શન કહે છે કે જ્યારે શીલસંપન્ન વ્યક્તિની ઉપર પ્રમાણેની દૃઢ ભૂમિકા થઈ જાય છે ત્યારે એ નવમાં ગુણસ્થાનની અધિકારી બને છે, આમાં એનો સ્ત્રીવેદ (પુરૂષથી કામવાસનાતૃપ્તિની ભાવના), પુરૂષવેદ (સ્ત્રીથી કામવાસનાતૃપ્તિની ભાવના) અને નપુસંકવેદ (સ્ત્રી-પુરૂષ બંનેની કામવાસનાતૃપ્તિની ઇચ્છા) ક્ષીણ થઇ જાય છે. અર્થાત્ એના કામ વાસના સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય છે. જે થોડો-ઘણો લોભ રહે છે તે પણ દસમાં ગુણસ્થાનમાં સદંતર ક્ષીણ થઈ જાય છે. આવો ઉચ્ચ શીલવાન સાધક બારમું ગુણસ્થાન પ્રાપ્ત કરીને મોહ-કર્મનો સર્વથા ક્ષય કરે છે, જેથી એને સયોગી (સદેહ) કેવલી (જીવનમુક્ત) અવસ્થા પ્રાપ્ત થાય છે. શરીરના નિમિત્તથી આયુષ્ય વગેરે જે કંઇ થોડાં કર્મ હોય છે તેનો સર્વથા ક્ષય થતાં અયોગી કેવલી (દેહમુક્ત નિરાકાર સિદ્ધ) અવસ્થા પ્રાપ્ત થાય છે. આ જ મુક્તિ છે, આ જ મોક્ષ છે જેની પ્રાપ્તિનું એક મુખ્ય કારણ શીલપાલન છે.

શીલ ભારતીય સંસ્કૃતિનો મેરુદંડ છે. ચારે આશ્રમ અને ચારે વર્ણમાં શીલને પ્રધાનતા આપવામાં આવી છે. આથી જ શીલનો મહિમા અને એના પાલનના ઉપાયો સમજીને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, સેવક-સેવિકા, સામાન્ય ગૃહસ્થ અને માર્ગાનુસારી આદિ તમામ કક્ષાની વ્યક્તિઓ માટે શીલપાલન આવશ્યક છે.

(સ્થળ: જૈનભવન, બીકાનેર) તા. ૨૯-૭-'૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત

**સંકલન :- શ્રી હીરાલાલ. બી. શાહ**

વ્રત-નિયમ, તપ, જપ આદિ ધર્મક્રિયાની સંપૂર્ણ સફળતાનો આધાર સમકિત ઉપર છે. સુદેવ, સુગુરૂ અને સુધર્મ આ તત્વત્રયી ઉપર જેમને અચલ અને અટલ વિશ્વાસ હોય તેને સમકિતવંત આત્મા કહેવાય. સમકિતને બોધિ બીજ પણ કહેવાય છે. સર્વ દોષરહિત અને વિતરાગ હોય તેને દેવ માનવા. કંચન-કામિનીના ત્યાગી અને પાંચ મહાવ્રતોને ધારણ કરનાર ગુરૂ હોય તેમને ગુરૂ માનવા. જેઓ વીતરાગ થયા છે અને તે જ વીતરાગ દેવે કરેલા સંપૂર્ણ અહિંસક ધર્મને ધર્મ તરીકે સ્વીકારવો. એવી જે અટલ શ્રદ્ધા તે સમકિત જાણવું.

આ સમકિત સંસાર-સમુદ્રને તરવામાં વહાણ સમાન છે. અને મોક્ષ-મહેલમાં પ્રવેશ કરવા દરવાજા સમાન છે.

ગ્રંથિભેદ થતાં અનંતાનુબંધીના ચાર કષાયો અને દર્શન મોહ એટલે સમકિત મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય મળી સાત કર્મ પ્રકૃતિનો ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમ થવાથી, તે તે પ્રકારના સમકિત ભાવની પ્રાપ્તિ થાય છે. સમકિત પ્રાપ્ત થતાં આત્મ લક્ષ અને માર્ગ-દીશા નક્કી થાય છે. જેમ આંખ પોતાને દર્પણ વીના જોઈ શકતી નથી તેમ આત્મા સમકિત વિના પોતાને સમજી શકતો નથી. સમકિત પામવાથી જીવ શુક્લ પાક્ષિક બને છે અને તે અવશ્ય અર્ધપરાવર્તન કાળમાં મુકિત પામે છે. તે સમકિતની પાછળ જ્ઞાન અને ચારિત્ર અનુગામી થતાં મોક્ષમાર્ગ બને છે. સમકિત-દ્રષ્ટિ આત્મા પાપોનાં અલ્પબંધ બાંધે છે. કુટુંબનું પ્રતિપાલન કરતો હોવા છતાં તે કુટુંબમા ઓત-પ્રોત બનતો નથી. સમકિતનો સહયોગ થતાં જીવનાં આચરણ અને જીવન બંને સમ્યગ્ બને છે.

ભવભ્રમણ કરતાં જીવને ક્ષાયિક સમકિત એકવાર, ઉપશમ સમકિત પાંચ વાર અને ક્ષાયોપશમિક સમકિત અસંખ્ય વાર પ્રાપ્ત થાય છે. પાંચમી વખત થતું ઉપશમ સમકિત ક્ષાયિક સમકિતમાં પરિણામે છે.

સમકિતનાં પાંચ લક્ષણ છે. જેના વડે સમકિત ગુણ ઓળખાય છે તેને લક્ષણો કહેવાય છે. પહેલું લક્ષણ "ઉપરમ" છે જે ક્રોધનાં ત્યાગરૂપ હિતકારી લક્ષણ છે. જેથી અપરાધ કરનાર પુરૂષ ઉપર પણ મનથી ખરાબ વિચારતા નથી અને સમતા રાખી તેનું હિત થાય તેમ વર્તે છે. અથવા મધ્યસ્થ ભાવે વર્તે છે. બીજું "સંવેગ" નામે લક્ષણ છે. જે દેવનું અને મનુષ્યનું સુખ પણ દુઃખરૂપ જાણે છે કેમ કે તે સુખ પૌદ્ગલિક છે, તે સુખ અસાર અને ક્ષણભંગુર છે. જ્યારે મોક્ષનું સુખ તો અવ્યાબાધ, અક્ષય, અવિનાશી અને અનંત છે અંત તેને જ એકાગ્ર મને ઇચ્છે છે. ત્રીજું "નિર્વેદ" નામે લક્ષણ છે. સંસાર અસાર છે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહાદિ વિભાવ જનિત જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ, બંધન વગેરે સંસાર દુઃખથી બંદીખાનાની પેઠે ત્રાસ પામીને અને વીતરાગ કથિત ધર્મ તેમાંથી તારનારો છે એમ જાણીને તે ધર્મ વડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે છે. ચોથું લક્ષણ "અનુકંપા" છે. તે અનુકંપા એટલે દયા, દયા બે પ્રકારની છે. (૧) દ્રવ્ય દયા, (૨) ભાવદયા. દ્રવ્ય દયા એટલે દુઃખી, દીન, રોગી, શોકવાન જે પ્રાણી હોય તના તેવા પ્રકારના તમામ દુઃખો દૂર કરવા તે છે, ભાવ દયા એટલે ધર્મરહિત પ્રાણી ધર્મ નહિ કરે તો બીજી ગતિમાં દુઃખી થશે અને ધર્મ કરશે તો સુખી થશે એવું ચિંતવે અને ધર્મથી પતિત પ્રાણીને ધર્મ વિષે સ્થિર કરે આ રીતે યથાશકિતએ બંન પ્રકારની દયા કરવામાં ઉદ્યમ રાખે તેને 'અનુકંપા' કહે છે. પાંચમું લક્ષણ "આસ્તિકતા" નામે છે. વીતરાગ દેવે જે વચન ભાખ્યું છે તે જ સત્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે તેમાં કંઇ સંદેહ નથી જિનેશ્વર ભગવાને ભાષેલા સર્વ વચનો અન્યથા ન જ હોય, સત્ય જ હોય એવી બુદ્ધિ જેના મતને વિષે છે અને આવી દૃઢ આસ્તા એટલે શ્રદ્ધા જેને છે તેને "આસ્તિકતા" કહે છે.

સમકિત બે પ્રકારથી ઉત્પન્ન થાય છે. (૧) નિસર્ગથી એટલે સહજ પરિણામ માત્રથી ઉત્પન્ન થાય છે. (૨) અધિગમથી, એટલે સુગુરૂના ઉપદેશથી, જિનેશ્વર દેવની ભક્તિથી. સર્વજ્ઞ શાસ્ત્રના વાંચન અને અભ્યાસથી ઉત્પન્ન થાય છે.

વીતરાગ પરમાત્મા શ્રી જિનેશ્વરદેવનાં શાસનમાં સમ્યક્ત્વની કિંમત એટલી મોટી આંકવામાં આવી છે કે - એના વિના જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન રૂપ બનતું નથી. અને એના વિના ચારિત્ર પણ સમ્યક્ચારિત્ર રૂપ બનતુ નથી. અને એના વિના તપ પણ સમ્યક્તપ તરીકે ઓળખાવાને લાયક બનતો નથી.

શ્રી જિનેશ્વર દેવોએ અર્થથી પ્રરૂપેલા અને શ્રી ગણધર ભગવન્તોએ સુત્રથી ગુંથેલા આગમશાસ્ત્રોનું જ્ઞાન હોય તો પણ એ જ્ઞાનને ધરનારો આત્મા જો સમ્યક્ત્વને પામેલો ન હોય તો તે આત્માનું શાસ્ત્ર જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન રૂપે એ આત્માને પરિણમતુ નથી. એ જ રીતીએ, ચારિત્ર પણ ભગવાને બતાવેલા ચારિત્રના આચારોના આચરણ રૂપ હોય, તો પણ એ ચારિત્રાચારોનું પાલન કરનારો આત્મા જો સમ્યક્ત્વને પામેલો ન હોય તો એ આત્માનું એ ચારિત્રાચારોનું પાલન સમ્યક્ ચારિત્ર ગણાતુ નથી. સમ્યક્ત્વનો પ્રભાવ છે કે - એની હયાતિમાં જ્ઞાન એવી રીતીએ આત્મામાં પરિણામે છે કે જેથી એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે પરિણામે છે. ચારિત્રનું પાલન એવા ભાવપૂર્વકનું બને છે કે જેથી એ ચારિત્રનું પાલન સમ્યક્ચારિત્ર ગણાય છે.

સમ્યક્ત્વ પામવા માટે, જ્ઞાની ભગવંતોએ કરેલા શાસ્ત્રોનું જ્ઞાન સંપાદન કરવાનો પુરુષાર્થ આદરવો જોઇએ. સમ્યક્ત્વને પામવાના શાસ્ત્રે જે જે ઉપાયો બતાવ્યા છે તેને ગુરૂગમથઃ જાણવા જોઈએ અને તે ઉપાયો જાણીને તે ઉપાયો આચરવા જોઈએ.

આપણે સમ્યગ્દર્શન ગુણને પામેલા છીએ, આપણને સમ્યગ્દર્શન ગુણ પ્રગટ કરવાની ઇચ્છા છે, આપણે સમ્યક્ત્વની સન્મુખ દશામાં જઇ રહ્યા છીએ તે નક્કી કરવા માટે આપણને પ્રતીતિ થઇ ગયેલી હોવી જોઈએ કે :–

'શ્રી વીતરાગ શાસન એ એવું શાસન છે કે જગતનાં બધા શાસનોની સામે ધર્મશાસન તરીકેની પરિપૂર્ણ યોગ્યતા પોતામાં હોવાનો નિશ્ચય કરાવી આપવાની શક્તિ શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં છે. શ્રી વીતરાગ પરમાત્માનું શાસન સર્વદેશીય શાસન છે. શ્રી વીતરાગ પરમાત્માનાં શાસનમાં, આત્માનાં સ્વરૂપનું વર્ણન એવી રીતીએ કરવામાં આવ્યું છે કે જે કયાંય બાધિત થતું નથી

આત્મા અનાદિ કાળથી કેવો છે, આત્માનો જડ સાથેનો સંબંધ કેવો છે, આત્મા શાથી બદ્ધ છે અને આત્મા શાથી મુકત બની શકે છે. એ વગેરેનું શ્રી વીતરાગ પરમાત્માનાં શાસનમાં પરસ્પર વિરૂદ્ધ ભાવ આવવા પામે નહિ એ પ્રકારે વર્ણન કરાયેલું છે.' જ્ઞાની ભગવંતોએ કહેલા શાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી ઉપર પ્રમાણેની પ્રતીતિ તેમજ અચલ અને અટલ શ્રદ્ધા જેને થાય તે આત્મા સમ્યગ્દર્શન ગુણને પ્રગટ કરે છે.

ધર્મની કોઈ પણ ક્રિયા એ માટે કરવી જોઇએ કે સૌથી પહેલા ક્રિયા કરનારને સમ્યક્ત્વ મળે! ધર્મના ફળ તરીકે બીજી કોઈ પણ સંસારિક અભીલાષા રાખવી નહિ. પણ સમ્યક્ત્વ મળે માટે ધર્મની ક્રિયાઓ કરૂં છું એવી અભિલાષા રાખવા જોઈએ.

શ્રી વીતરાગ પરમાત્માએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ ફરમાવ્યો છે. જ્ઞાન દર્શન અને ચારિત્રની કિંમત ત્યારે જ છે જ્યારે તે સમ્યગ્ વિશેષણથી સુશોભિત હોય છે. તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર ત્રણે ભેગા મળીને મોક્ષનાં સાધન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| અનુ. નં. | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | વિમલનાથ જિન સ્તવન | ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. | ૧ |
| ૨ | નૂતન વર્ષનાં મંગળ પ્રભાતે | શ્રી હીરાલાલ બી. શાહ | ૨ |
| ૩ | શ્રાવકના ત્રણ મનોરથ | શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. સા. | ૫ |
| ૪ | એક તુલના | પ્રો.નવિનભાઈ જે. શાહ | ૮ |
| ૫ | અહિંસાનું મહત્વ | અનુ. પો. અરૂણ જોષી | ૧૧ |
| ૬ | ૩ અભયદાનનો આનંદ | શ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૬ |
| ૭ | નવમો સાહિત્ય સમારંભ | — | ૨૭ |
| ૮ | હે પરમ પ્રભુ | — | ૨૯ |
| ૯ | ૪ જીવન સાર્થકયનો સરળ ઊપાય | હિન્દી શ્રી વલ્લભસૂરિશ્વજી મ. સા.<br>ગુજરાતી ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૦ |
| ૧૦ | ક્ષમાશીલ શિવા | પ્રો શ્રી અરૂણ જોષી | ૪૦ |
| ૧૧ | જૈન ધર્મમાં લેશ્યા | શ્રી હરેશ અરૂણભાઈ જોષી | ૪૧ |
| ૧૨ | દ્વાદસાર નયચક્ર | — | ૪૩ |
| ૧૩ | જૈન દર્શનમાં નય | જીતેન્દ્ર જેટલી | ૪૫ |
| ૧૪ | હે પરમાત્માં | પરમસીમપે માંથી | ૪૯ |
| ૧૫ | દ્વાદશાર નયચક્ર | શ્રી હીરાલાલ બી. શાહ | ૫૦ |
| ૧૬ | યુવાનો કયે માર્ગે | કુ જયોતી પ્ર શાહ | ૫૩ |
| ૧૭ | મલ્લવાદીસૂરિ પ્રબંધ | — | ૫૬ |
| ૧૮ | સાધના સાર્થક કયારે બને ? | પ્રફુલા જેઠાલાલ સાવલા | ૬૦ |
| ૧૯ | દ્વાદસાર નયચક્ર ગ્રંથના ઉદ્‌ઘાટન સમારોહ | — | ૬૪ |
| ૨૦ | ભગવાન મહાવીર | શ્રીમતી અંજનાબેન હસમુખરાય મહેતા | ૬૫ |
| ૨૧ | શ્રી પ્રભુ મહાવીરની જીવન સારકથા | શ્રીમતી મધુબેન નવિનભાઈ શાહ | ૬૭ |
| ૨૨ | ભગવાન મહાવીરની બોધશૈલી | પ્રો. અરૂણભાઈ જોષી | ૭૧ |
| ૨૩ | મહાવીરનો ધર્મ : ક્રાન્તિનો ધર્મ | ડૉ. કુમારપાળ દેસાઇ | ૭૮ |
| ૨૪ | સંસ્કારના દીવા પાછળ અંધારૂ હોય ખરૂ! | કુમારી જયોતિ પ્રતાપરાય શાહ | ૭૯ |
| ૨૫ | ભગવાન મહાવીરનો માર્ગ | — | ૮૧ |
| ૨૬ | પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા ની. | — | ૮૫ |
| ૨૭ | સં ૨૦૪૩ ના હિસાબ તથા સરવૈયુ | — | ૮૬ |
| ૨૮ | દ્વાદસાર નયચક્ર અંગે પત્રો | — | — |
| ૨૯ | સમાચાર | — | ૯૩ |
| ૩૦ | નિર્ભય બનો | અભયચંન્દ લાલવાની | ૯૭ |
| ૩૧ | તપની આરાધના | મૂળ પ્રવચનકાર શ્રી વલ્લભસૂરિશ્વરજી મ.સા<br>ગુજ. રૂપાન્તર ડૉ. કુમારપાળ દેસાઈ | ૯૮ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| અનુ. નં. | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૩૨ | જૈન ધા. શિ. સંઘનો ૩૯માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે. | શાહ રાયચંદ મગનલાલ | ૧૦૮ |
| ૩૩ | સમાચાર | જૈન આત્માનંદ સભા | ૧૧૦ |
| ૩૪ | સમાલોચના | " | ૧૧૪ |
| ૩૫ | સંસ્થા સમાચાર | " | ૧૧૫ |
| ૩૬ | સ્તવન | " | ૧૧૭ |
| ૩૭ | ૮ તપનો પ્રભાવ | મૂ. પ્ર. આ.શ્રી વલ્લભસૂરિશ્વરજી મ.સા. ગુજરાતી રૂપાન્તર ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૧૮ |
| ૩૮ | પ્રબુદ્ધ જીવનનો ૫૦માં વર્ષમાં પ્રવેશ | ડૉ. રમણલાલ ચી. શાહ | ૧૨૩ |
| ૩૯ | મજહબ નહી શીખાતા– | કુમારી જ્યોતી પ્રતાપરાય શાહ | ૧૨૭ |
| ૪૦ | સાચી ક્ષમાપના ક્યારે? | પ્રફુલ્લ જે. સાવલા | ૧૩૦ |
| ૪૧ | પર્યુષણનો મંગળ સંદેહ | મુનીશ્રી શીલચંદ્રવિજયજી મ. | ૧૩૩ |
| ૪૨ | ક્ષમાપના | ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ | ૧૪૧ |
| ૪૩ | મન જીત્યું તેણે સર્વ જીત્યુ | કુ. કોકીલાબેન બી. શાહ | ૧૪૩ |
| ૪૪ | મંગળ વિભૂતિ ગૌતમસ્વામી | કુ. પ્રફુલ્લાબેન રસીકલાલ વોરા | ૧૪૭ |
| ૪૫ | ૯ તપ ઉર્ધ્વ જીવનની પગદંડી | મૂ.પ્ર.આ.શ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મ.સા. | ૧૫૩ |
| ૪૬ | સમાચાર | — | ૧૬૧ |
| ૪૭ | સ્વપ્ન સિદ્ધ | શ્રી અમરચંદ માવજીભાઇ શાહ | ૧૬૪ |
| ૪૮ | ૧૦ તપના પ્રકાર | મૂ.પ્ર. આ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજીમ.સા. ગુજરાતી રૂપાંતર ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૬૫ |
| ૪૯ | વિશ્વના શેષ તત્ત્વો અને અંતિમ ધ્યેય | શ્રી જયંતીલાલ સુરચન્દ્ર બદામી | ૧૭૨ |
| ૫૦ | અનુમોદના | શ્રી નારાયણ ચત્રભુજ મહેતા | ટાઇટલ ૪ |
| ૫૧ | સમાચાર | — | ૧૭૯ |
| ૫૨ | મંગળ પ્રભાત | સૌભાગ્ય સૌરભ | ૧૮૧ |
| ૫૩ | તપની આરાધના | આ.શ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મ. સા. સંપાદક : ડૉ. કુમારપાળ દેસાઇ | ૧૮૨ |
| ૫૪ | શીલનો પ્રભાવ | મૂ પ્ર.આ.શ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મ.સા. ગુ. રૂ. ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮૬ |
| ૫૫ | સંકલિત | સંકલન હીરાલાલ બી. શાહ | ૧૯૪ |
| ૫૬ | વા. અનુક્રમણિકા | — | ૧૯૬ |


## દશમો જૈન સાહિત્ય સમારોહ કચ્છમાં

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે મેસર્સ નવનીત પ્રકાશન કેન્દ્રના નિમંત્રણથી દસમો જૈન સાહિત્ય સમારોહ કચ્છમાં બોંતેર જિનાલય (તલવાણા પાસે) મુકામે આગામી ડિસેમ્બર માસમાં શુક્ર, શનિ, રવિ તા. ૨, ૩, ૪, ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમારોહનો સવિગત કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

આ સમારોહ માટે જૈન તત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, કલા વગેરે વિષયો પરના નિબંધો તા. ૧૫-૧૧-૧૯૮૮ સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦૦૩૬ ના સરનામે મોકલી આપવા વિદ્વાનોને વિનંતી કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 3

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓ

૧. શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનું પ્રકાશન.

૨. સાર્વજનિક ફ્રી વાચનાલય.

૩. છાપેલી ધાર્મિક પ્રતો અને ધાર્મિક પુસ્તકો, સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ધાર્મિક પુસ્તકો અને નોવેલો વગેરે અત્યંત ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ જેમાં છે તેવી લાઇબ્રેરીનું સંચાલન.

૪. ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન અને વેચાણ:- સંવત ૨૦૩૬ થી સંવત ૨૦૪૪ની સાલ સુધીના નવ વર્ષમાં બાર પુસ્તકો પ્રગટ કરેલ છે. ભારતમાં અને અન્ય દેશોમાં પુસ્તકોનું વેચાણ.

૫. શ્રી જૈન શ્વે. મૂ. સંઘના કોલેજમાં ભણતા જરૂરીયાતવાળા વિદ્યાર્થી ભાઇઓને અપાતી શિષ્યવૃત્તિઓ.

૬. શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી S. S. C. ની પરીક્ષામાં, સંસ્કૃત વિષય લઈને સંસ્કૃતમાં ઊંચા માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને અપાતા પારિતોષિક ઈનામો.

૭. ધાર્મિક પુસ્તકની લેખિત પરીક્ષા અને વક્તૃત્વસ્પર્ધા લેવાનું આયોજન અને ત્યારબાદ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ભાઇઓ અને બહેનોને સમારંભ યોજીને અપાતા ઈનામો.

૮. વર્ષમાં છ તીર્થયાત્રા અને તીર્થમાં ભણાવાતી પૂજા, આવેલ સભાસદોની સ્વામીભક્તિ તેમજ ગુરુભક્તિ કરવામાં આવે છે.

૯. આસો સુદ દશમને દિવસે આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે સભાના હોલમાં ભણાવાતી પૂજા અને પ્રભાવના કરવામાં આવે

૧૦. યથાશક્તિ સાધર્મિક ભક્તિ.

૧૧. નૂતન વર્ષના દિવસે સવારના ૯-૩૦ થી ૧૧-૦૦ સુધી સભાસદોનું સ્નેહ મિલન અને દુધ પાર્ટી.

૧૨. કાર્તિક સુદ પાંચમને દિવસે સભાના હોલમાં કલાત્મક રીતે ગોઠવવામાં આવતા જ્ઞાન અને જ્ઞાનની પૂજા.

૧૩. આ સભાનો ઉપરના હોલનો ઉપયોગ રૂા. ૬૦/- ભેટના લઇને વેવિશાળના શુભ પ્રસંગ માટે. કોઈ પણ પ્રકારના ઠંડા પીણા કે ચા, કોફી વગેરે ન આપવાની શરતે આપવામાં આવે છે. જૈન સમાજના તમામ ભાઈઓ તેનો લાભ લે છે,

૧૪. આ સભાનો ઉપરનો હોલ પર્યુષણ પર્વ દરમ્યાન સમૂહ પ્રતિક્રમણ તથા સામાયિક કરવા માટે ફ્રી આપવામાં આવે છે.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક: ૮૫

સંવત

૨૦૪૪-૨૦૪૫

સને

૧૯૮૭-૧૯૮૮

For Private And Personal Use Only